PARAJIYA SAMACHAR (MONTHLY) Year : 60 | Issue : 2-3 | Rs. 10 | Page : 28 | 15-March-April-2025

શ્રી મોહનભાઈ નાનજીભાઈ ધોરડા તથા શ્રીમતી લાભકુંવરબેન મોહનલાલ ધોરડા, રાજકોટ.
પરજીયા સમાચાર આજીવન નિભાવ ખર્ચ રિઝર્વ ફંડ યોજનાના મુખ્ય દાતા

**શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા પ્રકાશિત જ્ઞાતિ મુખપત્ર**

છુટક અંક : રૂા. ૧૦/-

માનદ્ તંત્રી : સુનીલભાઈ આર. ધાણક




# પરજીયા સમાચાર


વર્ષ : ૬૦ | અંક : ૨-૩ | ૧૫-માર્ચ-એપ્રિલ-૨૦૨૫ | સળંગ અંક : ૬૯૦

ભુલ કરવા માટે
કોઈપણ સમય સારો નથી,
પરંતુ થઈ ગયેલ ભુલને
સુધારવી હોય તો,
કોઈપણ "સમય" ખરાબ નથી.

# મેડિકલ સહાય ફંડમાં સહયોગી દાતાશ્રીઓ

## પટ્ટણી બ્રધર હુડ (નાઈરોબી)ના ભૂ.પૂ. ટ્રસ્ટી
## શ્રી હર્ષદરાય પોપટભાઈ રાણા તથા
## શ્રીમતિ લીલાવંતીબેન હર્ષદરાય રાણા તરફથી
## મેડિકલ સહાય ફંડમાં રૂા. ૨,૪૦,૦૦૦/-
## (અંકે રૂપીયા બે લાખ ચાલીશ હજાર)નું દાન

(દર માસે રૂા. ૧૫,૦૦૦/- લેખે ૧૮ માસ સુધીના) (જાન્યુ. ૨૦૨૫ થી જુન. ૨૦૨૬)



**શ્રી હર્ષદરાય પોપટભાઈ રાણા**



**શ્રીમતિ લીલાવંતીબેન હર્ષદરાય રાણા**

નાઇરોબી નિવાસી પટ્ટણી બ્રધરહુડ-નાઇરોબીના ભૂ.પૂ. ટ્રસ્ટીશ્રી શ્રી હર્ષદભાઇ પોપટભાઇ રાણા તથા શ્રીમતિ લીલાવંતીબેન હર્ષદરાય રાણા તરફથી ગતઃ વર્ષ દરમ્યાન દર માસે રૂા. ૧૫,૦૦૦/- લેખે ૧૨ માસના રૂા. ૧,૮૦,૦૦૦/-નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. આ વર્ષે ફરી તેઓશ્રીએ અંતઃસ્ફૂરણાથી આ દાનની મુદતમાં વધારો કરી દર માસે રૂા. ૧૫,૦૦૦/- લેખે ૧૮ માસના રૂા. ૨,૪૦,૦૦૦/- અર્પણ કરી સમાજ પ્રત્યેની ભાવનાને ઉજાગર કરેલ, સમાજ માટે આ દાનની રકમ પ્રેરણાસ્ત્રોત તથા પ્રસંશનીય છે, જેનો રાજકોટ મહામંડળ ઋણી છે. અને સમસ્ત કારોબારી તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

**જ્ઞાતિ વિકાસની વણથંભી કુચમાં આપના પ્રેરણાદાયિ યોગદાન બદલ રાજકોટ મહામંડળ હૃદયપૂર્વક આભાર માને છે**

જાન્યુ-૨૦૨૫

# રાજકોટ આપણા સમાજના જરૂરિયાતમંદ પરિવારોને વ્યક્તિ દિઠ ૫૦ કિલો ઘઉં તેમજ વ્યક્તિ દીઠ ૧.૫ કિલો ચોખાનું વિતરણ કરવામાં આવેલ





રાજકોટ મહામંડળના કાયમી શુભેચ્છક અને દાતાશ્રી પરિવાર તરફથી હાલના મોંઘવારીના કપરા સમયમાં સમાજને મદદરૂપ થવાના શુભ આશયથી રાજકોટમાં વસતા આપણા સમાજના જરૂરિયાતમંદ પરિવારને વ્યક્તિદીઠ ૫૦ કિલોગ્રામ ઘઉંના વિતરણ રાજકોટ મહામંડળના માધ્યમથી કરવામાં આવેલ એ અનુસંધાને આશરે ૨૭૫ પરિવારને ૫૦૦૦૦ કિલોગ્રામ ઘઉંનું વિતરણ રાજકોટ બોર્ડિંગથી કરવામાં આવેલ. જેનો બહોળી સંખ્યામાં સમાજમાં જરૂરિયાતમંદ પરિવારે લાભ લઇ દાતાશ્રીને આ સેવાકીય કાર્ય બદલ અંતરથી આશીર્વાદ પાઠવી અને આ ઐતિહાસિક કાર્ય કરવા બદલ અભિનંદન આપેલ. દાતાશ્રી પરિવારે કોઇપણ નામના કે ખ્યાતિની ખેવના રાખ્યા વગર સમાજને જે મદદરૂપ બન્યા છે તે ખરેખર પ્રેરણાદાયિ છે. એ જ રીતે આપણા સમાજના એક દાતાશ્રી તરફથી વ્યક્તિ દીઠ ૧.૫ કિ.ગ્રા. ચોખાનું પણ વિતરણ કરવામાં આવેલ. આ તકે રાજકોટ મહામંડળને નિમિત્ત બનાવવા બદલ બન્ને દાતાશ્રી પરિવારનો આભાર વ્યક્ત કરતાં અભિનંદન પાઠવીએ છીએ.

-રાજકોટ મહામંડળ


COMING SOON...
THE PALATIAL GARDENS
Special
26
SUMPTUOUS LIVING FOR
• 2 UNITS ON EACH FLOOR
• 3 SIDE OPEN
KALAVID
4 BHK + FAMILY LIVING - 5 BHK VILLAS IN THE SKY
REDEFINING FUTURE
DILIP LADANI ASSOCIATE
PILLAR OF TRUST
SKY VISION
URBAN PROJECTS
Zaveri
JEWELLERS
Scan For Details
MOTA MAUVA, RAJKOT.
97122 85239
UTSAV LADANI
81840 34567
YASHRAJ DHAKAN

# પરજીયા સમાચાર

વર્ષ : ૬૦ અંક : ૨-૩ સળંગ અંક : ૬૯૦

માનદ્ તંત્રી : શ્રી સુનીલભાઈ આર. ધાણક – સહ તંત્રી : શ્રી હર્ષદભાઈ એચ. સાગર

સંસ્થાપક/સંરક્ષક/કાર્યાલય : **શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ**

જલારામ મંદિર રોડ, ફુલછાબ ચોક, રાજકોટ. ફોન : ૮૯૮૦૧૨૨૭૨૨, ૮૯૮૦૧૨૨૩૨૨


## અમારી મુખ્ય પ્રવૃત્તિઓ...

- બોર્ડિંગમાં રહી અભ્યાસ • વ્યવસાય લક્ષી તાલીમ
- આર્થિક સહાય • વૈદકીય રાહત • શિષ્યવૃત્તિઓ
- વિદ્યાર્થીઓના ઉત્કર્ષની પ્રવૃત્તિઓ જેવી કે
- વકતૃત્વ સ્પર્ધાઓ, રમત-ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
- વી. ડી. પટ્ટણી લાયબ્રેરી • પરજીયા સમાચાર
- જેઠાભાઈ જગડા સ્પોર્ટસ રૂમ • સન્માન સમારંભ

## આપશ્રી અમોને કેવી રીતે મદદરૂપ થઈ શકો?

અમારી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા...

- એક વિદ્યાર્થીનો ઉત્કર્ષ ખર્ચ (માસિક/વાર્ષિક)
- વિદ્યોતેજક સહાયક ફંડ • સ્કોલરશીપ ફંડ
- પુસ્તક સહાય ફંડ • ફી માટે ભેટ
- ભોજન તિથી ફંડ • અનામત સેવા ફંડ
- મેડીકલ ફંડ • આપને ત્યાં પ્રસંગોપાત ફાળો નોંધાવીને

## વિદ્યોતેજક વિદ્યાર્થી સહાયક કોર્પસ ફંડ માટે રાજકોટ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અપીલ

રાજકોટ બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પોતાની માતૃસંસ્થાને ઋણ ચૂકવવાની યોજના ચાલુ છે, જેમાં સહભાગી થઈ ફક્ત રૂા. ૧,૦૦૦/-ની રકમ મહામંડળને અર્પણ કરી આપનું યોગદાન આપી આ યોજનાને સફળ બનાવવામાં નિમીત થશો એવી હાર્દિક અપિલ સાથે વિનંતી.

ચેરમેન, શિક્ષણ સમિતિ

## રાજકોટ મહામંડળને કોઈપણ ભેટ મોકલવા માંગતા જ્ઞાતિજનો હવે...

રાજકોટ મહામંડળને કોઈપણ ભેટ મોકલવા માંગતા જ્ઞાતિજનો હવે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની કોઈપણ શાખા દ્વારા નીચેના ખાતા નંબરમાં રકમ જમા કરાવી શકશે.

A/c Name :-

**SAMAST PARAJIYA PATTANI SONI GNATI MAHAMANDAL**

Bank :- **STATE BANK OF INDIA**

(SADARBAJAR BRANCH RAJKOT)

**A/c No.:- 66006586804**

**IFSCode No. :- SBIN0060161**

જ્ઞાતિજનોએ ભેટ મોકલાવતી વખતે ઉપરોક્ત ખાતા નંબર અને સંસ્થાનું નામ સ્લીપમાં લખી પહોંચ મેળવીને રાજકોટ મહામંડળને જાણ કરવી, જેથી પાકી પહોંચ આપને રવાના કરવામાં આવશે.

**-મંત્રી, રાજકોટ મહામંડળ**

**આપશ્રીની સહાય એટલે સમાજની પ્રગતિ, આપશ્રીની સહાય એટલે સામાજીક ઉત્થાન.**

| આજીવન લવાજમના દર | |
|---|---|
| દેશમાં | ૫૫૧-૦૦ |
| પરદેશમાં | ૫૧૫૧-૦૦ |
| છુટક અંક : રૂા. ૧૦/– | |

| જાહેરાતના દર | | | | |
|---|---|---|---|---|
| સિંગલ કલરમાં... | માસિક | વાર્ષિક | ફોર કલરમાં... | |
| અડધુ પેઈજ | ૫૦૦-૦૦ | ૫૦૦૦-૦૦ | અડધુ પેઈજ | ૨૫૦૦.૦૦ |
| આખુ પેઈજ | ૧૦૦૦-૦૦ | ૧૦૦૦૦-૦૦ | આખુ પેઈજ | ૫૦૦૦.૦૦ |

e-mail: parajiyasamachar@yahoo.com

અંકમાં અપાતા લેખ, કૃતિ, અહેવાલ સાથે તંત્રી, સહતંત્રીનું સહમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી...

# વિદ્યાર્થી અવસ્થામાં જ્યારે સમજણ હજી ઘડતરના તબક્કામાં હોય ત્યારે કારકિર્દીની પસંદગીનો આકરો નિર્ણય લેવો પડે

જિંદગીને કેટલીકવાર કાંઠે બેસીને જોઇએ ત્યારે તત્વ સમજાય. કિનારે પહોંચ્યા પછી વિતેલી સફરને યાદ કરીએ ત્યારે ઘણા તારણ નજર સમક્ષ ઉભરી આવે. સાગરમાં જીવન નૌકાનો પ્રયાસ ચાલુ હોય ત્યારે જાતનું મૂલ્યાંકન કરવાનો સમય જ મળતો નથી.

જે-તે સમયે લીધેલો નિર્ણય જે-તે સંજોગને આધીન હોવાનો. એ સમયે વિકસેલી આપણી સમજણ પ્રમાણે આપણે નિર્ણય લીધો હોય. જેમ જેમ અનુભવ વધતો જાય અને આપણે વિતેલી જિંદગીના દાખલા તપાસવાના આવે ત્યારે આપણી ચૂક સમજાય.

વિદ્યાર્થી અવસ્થામાં જ્યારે સમજણ હજી ઘડતરના તબક્કામાં હોય ત્યારે કારકિર્દીની પસંદગીનો આકરો નિર્ણય લેવો પડે. પોતાને મનગમતી નહીં, પણ મા-બાપની પસંદગીની લાઇન લીધી હોય પછી સંતાન કદાચ સારી રીતે ઉતીર્ણ થાય તોય એનો જીવ કોચવાયા કરે. મિજાજ મ્યુઝીકનો હોય અને કામ કોમ્પ્યુટર પ્રોગ્રામર તરીકે કરવું પડે ત્યારે એમ થાય કે જિંદગીનું પ્રોગ્રામીંગ કરવામાં ક્યાંક ગડબડ થઇ ગઇ છે.

જેમણે શૂન્યમાંથી સર્જન કર્યું હોય એવા પિતા કે દાદાનો બિઝનેસ વારસો સંભાળતી આજની યુવા પેઢીને ઘણીવાર એમની વાતો જુની પુરાણી લાગે. હવેના યુગમાં બિઝનેસના તોર-તરિકા પણ બદલાતા જાય છે, છતાં જુની પેઢી પાસેથી એકાદ કળ મળી જાય તો સમસ્યા ઘણે અંશે ઓછી તો થાય જ છે.

અત્યારે સ્ટાર્ટઅપનો જમાનો છે. ત્યારે સાહસિકતા અને યુવાનીથી તરવરતા મૌલિક વિચારો સાથે એક અનુભવી માર્ગદર્શકનો સથવારો આવતી આફતોને આગોતરા ઓળખી શકે છે. થયેલી ભૂલને સુધારી શકાતી નથી, પણ ભવિષ્યમાં થનારી સંભવીત ભૂલોને ખાળવામાં મદદરૂપ થાય છે.

જિંદગીના દાખલામાં સરવાળા-બાદબાકી ઉપરાંત ઘણુંબધું હોય છે, પરંતુ એ બધું સમજવામાં તો આખી જિંદગી ઓછી પડવાની.

**ખોટા ગણાયા જિંદગીમાં દાખલા બધા,**
**માથે સફેદી આવે પછી ભાન થાય છે.**

-અંજુમ ઉજયાન્વી

સફેદી રળવાનું શ્વાસની સફરમાં લખાયેલું છે, સવાલ એ છે કે સ્વજન અને સમાજને એની ઉપયોગીતા કેટલી? આ સવાલનો જવાબ દરેકે જાતને પૂછવાનો છે.

અસ્તુ.

સુનિલ આર. ધાનક
તંત્રી

# શ્રી સ.પ.પ. સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટ

## તા. ૦૧-૦૧-૨૦૨૫ થી ૩૧-૦૩-૨૦૨૫ સુધીના આવક જાવકના હિસાબો

| કુલ આવક | |
|---|---|
| વિગત | રકમ રૂપિયા |
| મકાન ભાડા | ૪,૯૫૦.૦૦ |
| દાન ભેટ આવક | ૪,૯૩,૨૭૭.૦૦ |
| પરજીયા સમાચાર આવક | ૧૩,૧૦૩.૦૦ |
| કોપર્સ ફંડ આવક | ૨૧,૯૦૬.૦૦ |
| બેન્ક વ્યાજ આવક | ૩,૨૮,૪૮૩.૦૦ |
| શ્રી મોહનભાઇ હોલ આવક | ૬,૨૪,૭૦૦.૦૦ |
| પરચુરણ આવક | ૩,૮૦૦.૦૦ |
| બોર્ડિંગ આવક | ૫૧.૦૦ |
| કુલ આવક : | ૧૪,૯૦,૨૭૦.૦૦ |

| કુલ જાવક | |
|---|---|
| વિગત | રકમ રૂપિયા |
| ભોજન ખર્ચ | ૨,૨૩,૬૩૦.૦૦ |
| મેડીકલ સહાય | ૫૧,૭૬૦.૦૦ |
| પરજીયા સમાચાર ખર્ચ | ૫૧,૨૫૦.૦૦ |
| આર્થિક સહાય | ૩,૨૧,૪૮૦.૦૦ |
| અન્ય વહિવટી ખર્ચ<br>કર્મચારી પગાર, વિજળી તથા ફોન બીલ, સ્ટેશનરી ખર્ચ, પરચુરણ ખર્ચ | ૪,૧૮,૬૭૬.૦૦ |
| પરચુરણ બાંધકામ<br>ડેડસ્ટોક તથા રીપેરીંગ ખર્ચ | ૩,૨૨,૨૫૫.૦૦ |
| ઉચ્ચ શિક્ષણ સહાય | ૫૦,૦૦૦.૦૦ |
| સ્નેહમિલન ખર્ચ | ૨૫,૦૦૦.૦૦ |
| કુલ જાવક : | ૧૪,૬૪,૦૫૧.૦૦ |

## પરજીયા સમાચાર ગ્રાહક જોગ

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટની માલિકીનું સમાજોપયોગી, પ્રવૃત્તિનું મહત્વનું પ્રકાશન ''પરજીયા સમાચાર'' માસિક - જાન્યુઆરી ૧૯૬૭થી નિયમિત પ્રકાશિત થાય છે.

'પરજીયા સમાચાર' માસિકનો વિશાળ વાંચક વર્ગ સ્થાનિક તથા દેશ-વિદેશમાં વસવાટ કરે છે. સોની સમાજ તથા સોની સમાજના કૌટુંબિક સમાચારોની પ્રસિદ્ધિથી સમાજમાં ઘેર ઘેર વંચાતું થયું છે.

- વાંચકોને વિનંતી કે તેમના તરફથી પ્રસિદ્ધ કરવા અર્થે મોકલવાના સમાચારો, લેખો, જાહેરાતો વગેરે અમોને **જે તે માસની ૪ તારીખ** સુધીમાં મોકલી આપવાના રહેશે.
- સમાચારો, વિગતો ટુંકાણમાં, મુદ્દાસર અને વાંચી શકાય તેવા અક્ષરે તથા કાગળની એક જ બાજુએ લખી મોકલી આપવાના રહેશે. **તા. ૪ પછી મળેલ સમાચારો, વિગતો ત્યાર પછીના અંકમાં પ્રસિદ્ધ થશે. આ અંગે પૂછતાછ ન કરવા વિનંતી.**
- પ્રસિદ્ધ અર્થે મોકલવામાં આવતા કોઇપણ **સમાચારોની સત્યતા કે ચોકસાઇ વિશે કે કોઇ લખાણના કોઇ પુસ્તક કે લેખકના સ્વાધીનતાના હક્કના ભંગ વિશે મોકલનારની પોતાની સંપૂર્ણ જવાબદારી રહેશે.** આ બાબતે 'સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ' કે 'પરજીયા સમાચાર' કોઇપણ રીતે જવાબદાર ગણાશે નહીં.
- **શાખ જોગ જાહેરાત/સમાચાર જે તે ટ્રસ્ટ/સંસ્થા કે મઠ/મંદિરના જવાબદાર વ્યક્તિએ પોતાના નામ, ફોન નં., મોબાઇલ નંબર તથા સરનામા સાથેની સંપૂર્ણ વિગત સાથેના લેટર હેડ પર લખી નીચે સહી અને સંસ્થાના સિક્કા સાથે મોકલવાના રહેશે. અન્યથા કોઇપણ પ્રેસનોટ લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.**
- **સારા માઠા પ્રસંગે આપવામાં આવતા દાન/ભેટની નામાવલી (લીસ્ટ)માં** પૂરી રકમ અથવા તો અર્ધા ભાગે રાજકોટ મહામંડળને ભેટ આપવામાં આવેલ હશે તો જ ફાળાનું પુરૂં લીસ્ટ છાપવામાં લેવામાં લેવામાં આવશે, **૫૦% થી ઓછી દાન/ભેટની રકમનું પુરૂં લીસ્ટ છાંપવામાં નહિં આવે** તે રકમનો ફક્ત ઉલ્લેખ કરવામાં આવશે, અંકના પાનાની મર્યાદા માટે ના છુટકે આ નિર્ણય લેવો પડે છે, જેની નોંધ લેવા વિનંતી. **સહકારની અપેક્ષા.**
- **પ્રાસંગીક ફોટોગ્રાફ્સ કે લખાણ વ્હોટસએપ્સ દ્વારા કોઇપણ સંજોગોમાં સ્વિકારવામાં નહિં આવે જેની નોંધ લેશો.**
- 'પરજીયા સમાચાર' દર માસની ૧૫મી તારીખે અત્રેથી રવાના કરવામાં આવે છે. એટલે **'પરજીયા સમાચાર' મોડુ મળવા વિશે કે ન મળવા વિશે** વાંચકોને વિનંતી કે તેમણે **તેમના વિસ્તારના પોસ્ટમેન કે પોસ્ટઓફીસમાં** આ વિશે **રજુઆત કરવી.**

**સહકાર બદલ આભાર...** **-તંત્રી, સહતંત્રી, પરજીયા સમાચાર, રાજકોટ.**

# આર્થિક રીતે જરૂરીયાત વાળા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે

## સ્કોલર શીપ અંગે અગત્યની જાહેરાત

*શ્રી પોપટલાલ સવજીભાઇ રાણા (ધોરડા) તથા*
*શ્રીમતી સંતોકબેન પોપટલાલ રાણા (ધોરડા ઉચ્ચત્તર કેળવણી ફંડ*

આથી શાળા કોલેજમાં અભ્યાસ કરતાં જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઇઓને જાણ કરવાની જે વિદ્યાર્થી ભાઇ વધુ અભ્યાસ માટે મહામંડળમાંથી સ્કોલરશીપ મેળવવા ઇચ્છતા હોય તેમણે તથા તેમના વાલીઓએ મહામંડળની ઓફીસેથી સ્કોલરશીપ ફોર્મ મંગાવી સંપૂર્ણ વિગત ભરીને તુરંત મહામંડળની ઓફીસે મોકલી આપવા.

- **ફોર્મની વિગત પૂરી ભરવી.**
- **ફોર્મ સંપૂર્ણ ભરીને તા. ૧૫-૭-૨૫ સુધીમાં મોકલી આપવું. ત્યારબાદ સ્વીકારવામાં નહીં આવે.**
- **૬૦% કરતાં વધુ માર્કસ હોય તેવા ધો. ૯ પાસ અને ત્યાર પછીના જ વિદ્યાર્થી ભાઇઓએ ફોર્મ ભરવા.**
- **અત્રે સૌને ખાસ જણાવવાનું કે :** વિદ્યાર્થી ભાઇઓને અપાતી સ્કોલરશીપ મહામંડળના ધારા ધોરણ અને નિયમોને આધીન રહીને મેળવેલ ટકા, આર્થિક સ્થિતિ તથા ખર્ચ વિગેરે પાસાઓ તપાસીને મંજુર કરવામાં આવે છે.

# આર્થિક રીતે જરૂરીયાત વાળા તેજસ્વી વિદ્યાર્થીનીઓ માટે

## સ્કોલર શીપ અંગે અગત્યની જાહેરાત

*શ્રીમતી શારદાબેન રમણીકલાલ ધકાણ તથા*
*શ્રી રમણીકલાલ કાનજીભાઇ ધકાણ કન્યા કેળવણી અનામત ફંડ*

આથી શાળા કોલેજમાં અભ્યાસ કરતાં જરૂરિયાતવાળા વિદ્યાર્થી બહેનોને જાણ કરવાની જે વિદ્યાર્થી બહેનો વધુ અભ્યાસ માટે મહામંડળમાંથી સ્કોલરશીપ મેળવવા ઇચ્છતા હોય તેમણે તથા તેમના વાલીઓએ મહામંડળની ઓફીસેથી સ્કોલરશીપ ફોર્મ મંગાવી સંપૂર્ણ વિગત ભરીને તુરંત મહામંડળની ઓફીસે મોકલી આપવા.

- **ફોર્મની વિગત પૂરી ભરવી. (ધોરણ-૯ પાસ અને ત્યાર પછીના વિદ્યાર્થીનીએ જ ફોર્મ ભરવા)**
- **ફોર્મ સંપૂર્ણ ભરીને તા. ૧૫-૭-૨૫ સુધીમાં મોકલી આપવું. ત્યારબાદ સ્વીકારવામાં નહીં આવે.**
- **અત્રે સૌને ખાસ જણાવવાનું કે :** વિદ્યાર્થી બહેનોને અપાતી સ્કોલરશીપ મહામંડળના ધારા ધોરણ અને નિયમોને આધીન રહીને મેળવેલ ટકા, આર્થિક સ્થિતિ તથા ખર્ચ વિગેરે પાસાઓ તપાસીને મંજુર કરવામાં આવે છે.

# શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે

## (શ્રી જીવાભાઇ આણંદજીભાઇ સાગર વિદ્યાર્થીગૃહ)
## બોર્ડિંગમાં પ્રવેશ અંગે અગત્યની જાહેરાત

**ધો.૧૦થી ૧૨ માં ૬૦ટકા કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ**

- નવા શૈક્ષણીક વર્ષથી વધુ અભ્યાસ માટે રાજકોટ બોર્ડિંગમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ બોર્ડિંગનું એડમીશન ફોર્મ વહેલાસર ભરી મોકલવું ઘણું જરૂરી છે.
- ધો.૧૦ થી ૧૨માં આગલા ધોરણ ની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી જ બોર્ડિંગમાં પ્રવેશને પાત્ર રહેશે. બોર્ડિંગનાં વર્તમાન વિદ્યાર્થીને પણ આ કલમ લાગુ પડે છે. કોલેજનાં એડમીશન માટે આ ટકાવારી જરૂરી નથી.
- રાજકોટ મેડીકલ કોલેજ, એન્જીનીયરીંગ સાયન્સ કોલેજ, આર્ટસ અને કોમર્સ કોલેજ, બીઝનેશ મેનેજમેન્ટ કોર્ષ, ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ કોર્ષ બેંકીગ તેમજ શાળા મહાશાળામાં વિશેષ અભ્યાસની સુવિધા ધરાવતું શહેર છે.
- તેથી સારી કોલેજ કે સારી સ્કુલોમાં એડમિશન મેળવવામાં ઘણીવાર ઘણાને તકલીફ પડે છે. જે તે સ્કુલ કોલેજનાં એડમિશન અંગેના નિયમો મુજબ સારા માર્કસ મેળવવા આવશ્યક છે.
- શાળા કોલેજમાં એડમિશન મેળવી લેવાની જવાબદારી વિદ્યાર્થી કે તેના વાલીની રહેશે.
- **શાળા કોલેજ વિભાગમાં એડમિશન ધોરણ-૧૦ થી આપવામાં આવે છે. તેથી ધોરણ-૧૦ થી નીચેના વિદ્યાથીઓએ પ્રવેશ ફોર્મ ભરવું નહીં.**
- જુના વર્તમાન વિદ્યાર્થીઓએ પણ નવેસરથી એડમિશન ફોર્મ ભરવું જરૂરી છે.
- ફોર્મ મહામંડળની ઓફીસે પહોંચતું કરવાની છેલ્લી તારીખ ૩૦-૬-૨૦૨૫ છે.

**- લી. શિક્ષણ સમિતિ**

## સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ

ફૂલછાબ ચોક, જલારામ મંદિર રોડ, સદર,રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન: ૯૮૮૦૧૨૨૭૨૨

## મહામંડળ સંચાલીત

### શ્રી હરીભાઇ દાનાભાઇ સાગર તથા શ્રીમતી દિવાળીબેન હરીભાઇ સાગર

### નોટબુક સહાય અંગે આર્થિક રીતે જરૂરિયાતવાળા

### વિધાર્થી ભાઇ-બહેન માટે અગત્યની જાહેરાત

ઉપરોક્ત યોજના અંતર્ગત સમાજના જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઇ-બહેનોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે નોટબુક આપવાની વ્યવસ્થા કરેલ છે જેઓને જરૂરત હોય તેઓ રાજકોટ મહામંડળ ઓફિસ ખાતેથી ફોર્મ મેળવી પોતાની વિગત ભરી મોડામાં મોડા તા. ૩૦-૬-૨૦૨૫ સુધીમાં આપી જવા વિનંતી.

**નોટબુક યોજના ધો. ૮ કે તેથી ઉપરના રાજકોટના સ્થાનિક વિદ્યાર્થી ભાઇ-બહેનો માટે છે.**



**ખાસ નોંધ : આ લાભ માત્ર આર્થિક જરૂરીયાતવાળા માટે જ છે.**

## ભૂ.પૂ. વિદ્યાર્થી પ્રેરીત ઉચ્ચ શિક્ષણ ફંડમાંથી ગતઃ માસે એક વિદ્યાર્થીને રૂા. ૨૫,૦૦૦/- તથા એક વિદ્યાર્થીનીને રૂા. ૨૫,૦૦૦/-ની સહાય આપવામાં આવી

જાન્યુઆરી-૨૦૨૪ના યોજાયેલ ભૂ.પૂ. વિદ્યાર્થીઓના સ્નેહમિલન પ્રસંગે ઉપરોક્ત ઉચ્ચ શિક્ષણ ફંડ યોજના શરૂ કરવામાં આવી. જેમાં બોર્ડિંગના ભૂ.પૂ. વિદ્યાર્થીઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ ફંડ યોજનામાં એકત્ર થયેલ રકમમાંથી ગત માસે એક વિદ્યાર્થીને રૂા. ૨૫,૦૦૦/- તથા એક વિદ્યાર્થીનીને રૂા. ૨૫,૦૦૦/-ની સહાય કરવામાં આવેલ.

રાજકોટ મહામંડળ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માતૃ સંસ્થા પ્રત્યેની ભાવના અને શિક્ષણ ક્ષેત્રે જાગૃતતા દાખવી સરાહનીય કાર્ય કરેલ છે. જે બદલ રાજકોટ મહામંડળ ભૂ.પૂ. વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન પાઠવે છે.

# રાજકોટ મહામંડળ દ્વારા તબીબી સહાય



આથી સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે રાજકોટ મહામંડળ દ્વારા
અનેકવિધ સેવાકિય પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે, અને
આ સેવાકિય પ્રવૃત્તિઓનો લાભ આપણા જ્ઞાતિજનો લઇ રહ્યાં છે.
રાજકોટ મહામંડળ દ્વારા તાજેતરમાં ''સ્વસ્થ વ્યક્તિ, સ્વસ્થ સમાજના ધ્યેય'' સાથે
તબીબી ક્ષેત્રે જ્ઞાતિજનોને વધુ લાભ મળી રહે તેવા હેતુથી

**''શ્રી પંચનાથ મહાદેવ સાર્વજનીક ટ્રસ્ટ''**
લીમડા ચોક, પંચનાથ મંદિર રાજકોટ

દ્વારા રાહતભાવે મેડીકલ સુવિધાઓ અને સેવાઓ ઉપલબ્ધ છે.
તેથી આ સંસ્થા સાથે જોડાઇને **રાજકોટ મહામંડળ દ્વારા** ઉપલબ્ધ તમામ
**તબીબી સુવિધાઓનો લાભ લેવા સમસ્ત જ્ઞાતિજનોને જાણ કરવામાં આવે છે.**
ઉપરોક્ત સંસ્થા દ્વારા

- **ડાયાબીટીસ તપાસ,**
- **લેબોરેટરી,**
- **દાંતની તપાસ,**
- **હાડકાની તપાસ,**
- **સાર્વજનીક ક્લીનીક,**
- **કાન-નાક-ગળાની તપાસ,**
- **સ્પે. સોનોગ્રાફી,**
- **સોનોગ્રાફી,**
- **૨-ડી ઈકો,**
- **એક્સરે,**
- **ડેન્ટલ એક્સરે**
- **ડિજીટલ**

**તથા તમામ પ્રકારના બ્લડ ટેસ્ટ**

આ તકે જ્ઞાતિજનોને જણાવવાનું કે **ઉપરોક્ત તમામ તબીબી સેવાઓ અંગેનો ખર્ચ રાજકોટ મહામંડળ માંથી ચૂકવવામાં આવે છે,** તો આ તબીબી સેવાઓનો લાભ લેવા ઇચ્છતા જ્ઞાતિજનોએ રાજકોટ મહામંડળ બોર્ડિંગ ખાતે દર્દીના નામની નોંધણી (આધાર પૂરાવા સાથે) કરાવી, રાજકોટ મહામંડળ માંથી જરૂરી મંજુરી પત્ર મેળવીને ઉપરોક્ત સંસ્થાઓનો સંપર્ક કરવાનો રહેશે.

**-મંત્રીશ્રી, રાજકોટ મહામંડળ**

# ધાનક પરિવારનું ગૌરવ



## ચિ. હિરલ કેતનભાઈ ધાનક

શ્રી મોમાઇ માતાજી તથા શ્રીનાથજી બાવાની
અસિમ કૃપાથી જેતપુર નિવાસી
સ્વ. ધીરજલાલ જેરામભાઇ ધાનક તથા
ગં.સ્વ. કિરણબેન ધીરજલાલ ધાનકની પૌત્રી

**ચિ. હિરલ**

**First Class with Distinction**
**Master in Biochemistry (2022)**
**Working in Intellectual**
**property management at**
**Zydus Lifesciences Limited &**
**Registered as**
**Indian Patent Agent with the**
**Goverment of India Since 2024**
માંથી ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.
તે બદલ ખુબ ખુબ અભિનંદન...

**શુભેચ્છા સહ...**



દાદા : સ્વ. ધિરજલાલ જેરામભાઇ ધાનક
દાદી : ગં.સ્વ. કિરણબેન ધિરજલાલ ધાનક
પિતા : શ્રી કેતનભાઇ ધિરજલાલ ધાનક
માતા : શ્રીમતી પ્રિતીબેન કેતનભાઇ ધાનક
કાકા : શ્રી તેજશભાઇ ધીરજલાલ ધાનક
કાકી : શ્રીમતી ક્રિષ્નાબેન તેજશભાઇ ધાનક
ફઇ : શ્રીમતી મિતવાબેન મનીષકુમાર સાગર
ભાઇ : કૃતાર્થ કેતનભાઇ ધાનક

**કોન્ટેક : કેતનભાઇ ડી. ધાનક-મો.નં. ૭૦૪૧૫ ૬૮૪૦૦**
**તેજશભાઇ ડી. ધાનક-મો.નં. ૯૯૨૫૩ ૦૪૪૦૦**

જા×ખ-૨૦૨૫

# સમસ્ત ધાણક પરિવાર જોગ

આપણા કુળદેવી મોમાઇ માતાજીની અસિમ કૃપાથી તથા સુરાપુરાદાદાના આશીર્વાદથી ખજૂરી ગુંદાળા મુકામે હવનનું આયોજન કરેલ છે.

વૈશાખ સુદ પાંચમ, તા. ૦૨-૦૫-૨૦૨૫ને શુક્રવારના રોજ દર વર્ષ મુજબ માતાજીના હવનનું આયોજન રાખેલ છે, તો દરેક ધાણક પરિવારને ભાવભર્યું આમંત્રણ.

**હવનનો સમય : સવારે ૭.૦૦ વાગ્યે**
**બીડું હોમવાનો સમય : બપોરે ૧.૦૦ વાગ્યે**

જે કોઇ યજમાનને હવનમાં બેસવાની ઇચ્છા હોઇ તેમણે વહેલાસર નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.

**જયેશભાઇ લાલજીભાઇ ધાણક-૯૫૭૪૯૭૮૦૦૫ (રાજકોટ)**
**મહેશભાઇ વલ્લભભાઇ ધાણક-૯૮૨૦૦૫૦૩૯૩ (મુંબઇ)**

**લી. મોમાઇ માતાજી મઢ કમિટીના જય માતાજી**

# સમસ્ત સાગર પરિવાર જોગ

## મહુવા શ્રી મોમાઇ માતાજી મઢ
## શુરવીર શ્રી માલાઆપા દાદા પાલિતાણા

સહર્ષ સર્વો ભાઇઓને ખુશાલી સાથે જણાવવાનું કે મહુવા સ્થિત સાગર પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીના મઢ ખાતે તૃતીય વાર્ષિક પાટોત્સવ મનોરથ સં. ૨૦૮૧ વૈશાખ વદ પાંચમને શનિવાર તા. ૧૭-૦૫-૨૦૨૫ના શુભ દિવસે રાખેલ છે. આ અવસરે હવનનું આયોજન રાખેલ છે.

હવનમાં બેસવાનો લ્હાવો લેવા ઇચ્છતા ભાઇઓએ આપનું નામ તથા ફોન નંબર જણાવવા વિનંતી.

સર્વો સાગર પરિવારને સહકુટુંબ દર્શન કરવા તથા માતાજીનો મહાપ્રસાદ લેવા ભાવભર્યું નિમંત્રણ છે. તેમજ પાલિતાણા બિરાજમાન પૂ. શ્રી માલાઆપાને વિશેષ અભિષેક સ્નાન એવમ્ શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનો મનોરથ વૈશાખ વદ-૬ ને રવિવાર તા. ૧૮-૦૫-૨૦૨૫ના શુભ દિવસે રાખેલ છે.

તો સર્વો સાગર પરિવારને સહકુટુંબ પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**કાળુભાઇ રમણીકભાઇ સાગર-૯૯૨૪૨ ૫૩૪૩૪**
**દેવાંગભાઇ હસમુખભાઇ સાગર-૯૭૬૯૦ ૪૦૦૯૦૦**
**વિપુલભાઇ હિંમતભાઇ સાગર-૮૦૦૦૭ ૯૮૦૮૧**

જય માતાજી

# "આવ્યો છું"



પૃથ્વી પર પ્રવાસી બનીને આવ્યો છું,
જિંદગીને પ્રેમણી માણવાં આવ્યો છું.

ચાલે છે પ્રેમ થકી જ આ જગત,
તેથી પ્રેમભર્યું હૃદય લઇને આવ્યો છું.

કોઇ કહે આમ કર, કોઇ કહે તેમ કર,
હું જેવો છું એવો જ દેખાવાં આવ્યો છું.

ભલાઇનાં કામ કરી મળે છે ભેટ અપમાનોની,
તોય, નિઃસ્વાર્થ ભાવે કર્મ કરવા આવ્યો છું.

છે કેટલાક એવાં સંબંધો આ જગતમાં, 'હું',
એ સૌનું ઋણાનુંબંધનું ઋણ ચૂકવવાં આવ્યો છું.

-હિરેન વાચા





ISO 9001-2008

**R.O.**
Reverse Osmosis

શુધ્ધ પાણી... તંદુરસ્ત જીવન




*conditions apply

પાણી જન્ય રોગો જેવાકે પેટમાં પથરી થવી, ચોમાસામાં જાળા, ઉલટી, મલેરીયા, વગેરે જેવા ભયજનક રોગોથી તમે અને તમારા પરિવારને બચાવવા માટેનો સરળ ઉપાય

નળ ન આવવો, બહારથી ભરવા જવું, ગેસમાં પાણી ઉકાળવું
વગેરે ઝંઝટથી છુટકારો મેળવવા


બોર તથા નળના ગંદા પાણીને પણ ફિલ્ટર કરી મીઠું બનાવે છે

**SHREEJI MAX**
**N.R. RANPARA 9016337010**
Diwanpara Main Road, Opp.Vishvakarma temple,
Jalaram Complex-206, Rajkot.

જા×ખ-૨૦૨૫

Viraj Bangles

મિલનભાઈ સોની +918758484694



# વિરાજ બેંગલ્સ

exclusive ગોલ્ડ કોપર (ગાભા) કડલી.

ઓડર તથા અરજંટ બનાવી આપવામાં આવશે. 22 કેરેટ સુધ્ધતા ની ગેરેંટી.

216, રાજ પ્લાઝા, પેલેસ રોડ, રાજકોટ.

જાxખ-સપ્ટે.૨૩ થી ઓગષ્ટ-૨૪

નરોત્તમભાઇ ધકાણ (LIC વાળા)
નિર્મળભાઇ ધકાણ



M. 9409018408
98255 98947
R. 0281-2571320
99791 11250

# શ્રી મોમાઇ કૃપા ટ્રાવેલ્સ

A/c., Non A/C. ઇનોવા, ટ્રાવેરા, ઇન્ડીગો, સ્વીફ્ટ, ક્રુઝર, ઇકો, ટેમ્પો ટ્રાવેલ્સ, મીની બસ, મોટી બસ, વિસ્ટા, અર્ટીગા




::: સરનામુ :::
"શ્રીજી સદન", અમીન માર્ગ,
જી-સૂર્યપાર્કની સામે,
શેરી નં. ૩, રાજકોટ.



જાxખ-ફેબ્રુ. ૨૪ થી જાન્યુ. ૨૫

# ભેટની યાદી

ગતઃ માસ દરમ્યાન નીચે મુજબ દાન-ભેટ મળેલ છે,
તે બદલ મહામંડળ દાતાઓનો આભાર માને છે.

## શુભ લગ્ન પ્રસંગે ખુશી ભેટ



તળાજા નિવાસી સ્વ. પ્રભાબેન તથા નટવરલાલ રામજીભાઇ સાગરના પૌત્ર તથા અ.સૌ. લતાબેન તથા શ્રી નિતિનભાઇ નટવરલાલ સાગરના સુપુત્ર ચિ. આકાશના શુભ લગ્ન ખંઢેરા નિવાસી હાલ રાજકોટ નિવાસી સ્વ. રિનાબેન તથા સ્વ. પ્રદિપભાઇ રતિભાઇ ધાણકની સુપુત્રી ચિ. શિવાની સાથે સં. ૨૦૮૧ મહા વદ ૧૦ ને રવિવાર તા. ૨૩-૦૨-૨૦૨૫ના શુભ દિવસે શ્રી મોહનભાઇ હોલ, રાજકોટ મુકામે સંપન્ન થયેલ તે શુભ પ્રસંગે ખુશી ભેટ.

૫૦૦૧/- શ્રી નટવરલાલ રામજીભાઇ સાગર પરિવાર (કામરોલવાળા) હ. શ્રી ભરતભાઇ સુરૂ-દાઠાવાળા)



જાળીયા નિવાસી (હાલ અમરેલી) અ.સૌ. કુંદનબેન તથા શ્રી મહેશભાઇ નરોત્તમભાઇ પટ્ટણીના સુપુત્ર ચિ. લક્ષદીપના શુભ લગ્ન ઢળીયા નિવાસી (હાલ અમદાવાદ) અ.સૌ. જીજ્ઞાબેન તથા શ્રી હિતેશભાઇ અનંતરાય થડેશ્વરની સુપુત્રી ચિ. પ્રિયંકા સાથે વિ.સં. ૨૦૮૧ મહા સુદ દશમને શુક્રવાર તા. ૦૭-૦૨-૨૦૨૫ના શુભ દિવસે સાવરકુંડલા હેમરાજ હોલ ખાતે યોજાયેલ તે શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

૧૧૦૦/- શ્રી મહેશભાઇ નરોત્તમભાઇ પટ્ટણી
૧૦૫૧/- શ્રી હિતેશભાઇ અનંતરાય થડેશ્વર
શ્રી કિશોરભાઇ અનંતરાય થડેશ્વર
૨૧૫૧/-(હ.શ્રી ચંપકભાઇ નારણભાઇ ધકાણ-ગોપાલગ્રામ)



કેશોદવાળા હાલ કંપાલા નિવાસી ગં.સ્વ. ચંદ્રીકાબેન તથા સ્વ. હસમુખભાઇ અમૃતભાઇ સાગરના સુપુત્ર ચિ. મેહુલના શુભ લગ્ન ઉપલેટાવાળા હાલ રાજકોટ નિવાસી અ.સૌ. મીરાબેન તથા શ્રી કમલેશભાઇ પ્રાગજીભાઇ ઘઘડાની સુપુત્રી ચિ. જુહી સાથે સં. ૨૦૮૧ના ફાગણ સુદ-૩ ને રવિવાર તા. ૦૨-૦૩-૨૦૨૫ના શુભ દિવસે સંપન્ન થયેલ તે શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

૨૧૦૦/- સ્વ. હસમુખભાઇ અમૃતભાઇ સાગર તથા
શ્રી કમલેશભાઇ પ્રાગજીભાઇ ઘઘડા

# શુભ વેવિશાળ પ્રસંગે ખુશી ભેટ



વિજપડીવાળા હાલ સુરત નિવાસી શ્રીમતી જ્યોત્સનાબેન તથા શ્રી ઘનશ્યામભાઇ બાબુભાઇ ધકાણના સુપુત્ર ચિ. શ્યામનું શુભ વેવિશાળ (ચુંદડી) સુત્રાપાડા નિવાસી શ્રીમતી મનિષાબેન તથા શ્રી અશ્વિનભાઇ બાબુભાઇ સાગરની સુપુત્રી ચિ. હેમાંગીની સાથે તા. ૩૦-૦૩-૨૦૨૫ને રવિવારના શુભ દિવસે યાત્રિક ભુવન, પ્રભાસપાટણ મુકામે સંપન્ન થયેલ, તે શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

૫૫૧/- શ્રી ઘનશ્યામભાઇ બાબુભાઇ ધકાણ
૫૦૧/- શ્રી અશ્વિનભાઇ બાબુભાઇ સાગર
૧૦૫૨/-



ખાંભાવાળા હાલ રાજકોટ નિવાસી ગં.સ્વ. હિરાબેન તથા સ્વ. હિંમતભાઇ રામલાલભાઇ ધકાણના પૌત્ર તેમજ ગં.સ્વ. ભાવનાબેન બળવંતભાઇ ધકાણના સુપુત્ર ચિ. ધ્રુવીતની શ્રીફળ અને ચુંદડી વિધી ઉનાવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. જગજીવનભાઇ રામજીભાઇ ધાણકની પૌત્રી તેમજ કિરણબેન તથા દિનેશભાઇ જગજીવનભાઇ ધાણકની સુપુત્રી ચિ. હેતલ સાથે તા. ૦૯-૦૨-૨૦૨૫ને રવિવારના શુભ દિવસે રાજકોટ મુકામે સંપન્ન થયેલ તે શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

૧૦૦૧/- સ્વ. બળવંતભાઇ હિંમતભાઇ ધકાણ
૫૦૧/- શ્રી દિનેશભાઇ જગજીવનભાઇ ધાણક
૧૫૦૨/- (હ. શ્રી હરેશભાઇ હરિભાઇ થડેશ્વર, કારોબારી સભ્યશ્રી, રાજકોટ મહામંડળ)



ઢળીયાવાળા હાલ ભાવનગર નિવાસી સ્વ. ભાનુબેન અનંતરાય થડેશ્વર તથા સ્વ. અનંતરાય હાથીભાઇ થડેશ્વરના સુપૌત્ર તથા અ.સૌ. નયનાબેનતથા શ્રી કિશોરભાઇ અનંતરાય થડેશ્વરના સુપુત્ર ચિ. માનવ સાથે ભાવનગર નિવાસી શ્રીમાળી સોની અ.સૌ. અલ્પાબેન તથા શ્રી સંજયભાઇ અનંતરાય મુંજપરાની સુપુત્રી ચિ. વિધિ સાથે સં. ૨૦૮૧ ફાગણ વદ બીજ તા. ૧૬-૦૩-૨૦૨૫ને રવિવારના શુભ દિવસે ભાવગનર મુકામે ગળ્યા પાણી (શુભ સગાઇ) પીધા. તે શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

૫૦૧/- શ્રી કિશોરભાઇ અનંતરાય થડેશ્વર
૨૫૧/- શ્રી સંજયભાઇ અનંતરાય મુંજપરા
૭૫૨/-

# મેડિકલ સહાય માસિક યોજનામાં દર માસે ભેટ



કલ્બા (યુ.એ.ઇ.) નિવાસી હેમરાજભાઇ દેવકરણભાઇ વાયા તરફથી સ્વ. સવિતાબેન હેમરાજભાઇ વાયાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૦૦૧ × ૨૪ માસ=૨૪૦૨૪/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. (ઓગષ્ટ-૨૦૨૩ થી જુલાઇ-૨૦૨૫)

---

૨૪૦૦૦/- મુળ તરસાઇ, જેતપુર, શારજાંહવાળા સ્વ. જમનાબેન તથા સ્વ. જયંતિલાલ લાલજીભાઇ ઘઘડાના સ્મરણાર્થે દર માસે ૧૦૦૦ લેખે ૨૪ માસ (બે વર્ષ) સુધી મેડીકલ સહાય ફંડમાં ભેટ. હ. શ્રી પ્રકાશભાઇ જયંતિલાલ ઘઘડા (સી.જી. ગોલ્ડ સ્મીથ-શારજાંહ, દોહા). (નવે. ૨૦૨૩ થી ઓક્ટો. ૨૦૨૫)

---



મૂળ તરસાઇવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. ગીતાબેન પ્રવિણકુમાર ઘઘડાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૦૦૧ × ૧૨ માસ=૧૨૦૧૨/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. હ. વિકાસભાઇ પ્રવિણભાઇ ઘઘડા (ઓક્ટોબર-૨૦૨૪ થી સપ્ટેમ્બર-૨૦૨૫)

---

૧૨૦૧૨/- એક વૈષ્ણવભાઇ તરફથી મેડીકલ સહાય ફંડમાં ભેટ (ઓગષ્ટ-૨૦૨૪ થી જુલાઇ-૨૦૨૫)

---



મુળ તરસાઇવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. વ્રજલાલભાઇ મોરારજીભાઇ ઘઘડાના સ્મરણાર્થે દર માસે ૧૦૦૦×૧૨ માસ = ૧૨૦૧૨/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. હ. શ્રી રાજીવભાઇ વ્રજલાલભાઇ ઘઘડા (ફેબ્રુઆરી-૨૦૨૪ થી જાન્યુઆરી-૨૦૨૫)

---



મુળ તરસાઇવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. સુશીલાબેન વ્રજલાલભાઇ ઘઘડાના સ્મરણાર્થે દર માસે ૧૦૦૦×૧૨ માસ = ૧૨૦૧૨/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. હ. શ્રી રાજીવભાઇ વ્રજલાલભાઇ ઘઘડા (ફેબ્રુઆરી-૨૦૨૪ થી જાન્યુઆરી-૨૦૨૫)

---



૧૨૦૧૨/- સ્વ. દિવ્યેશભાઇ રમેશભાઇ ધકાણના સ્મરણાર્થે શોભનાબેન મનસુખલાલ સાગર તરફથી દર માસે રૂા. ૧૦૦૦/- લેખે ૧૨ માસ (૧ વર્ષ) સુધી મેડીકલ સહાયમાં ભેટ. (જાન્યુઆરી-૨૦૨૫ થી ડિસેમ્બર-૨૦૨૫)

---



૧૨૦૧૨/- જેતલસરવાળા હાલ રાજકોટ નિવાસી ગં.સ્વ. શોભનાબેન કનુભાઇ ધાણકના સ્મરણાર્થે તેમના પુત્રી ઇલાબેન પ્રવિણભાઇ જગડા તથા તેમના દોહિત્ર શ્રી પ્રિતેશ પ્રવિણભાઇ જગડા (દેવગામવાળા, હાલ રાજકોટ) તરફથી દર માસે રૂા. ૧૦૦૧/- લેખે ૧૨-માસ સુધી મેડિકલ સહાયમાં ભેટ. (માર્ચ-૨૦૨૫ થી ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી)

# આર્થિક સહાય યોજનામાં દર માસે ભેટ

**૧૨૦૧૨/- એક વૈષ્ણવભાઇ તરફથી આર્થિક સહાય ફંડમાં ભેટ (ઓગષ્ટ-૨૦૨૪ થી જુલાઇ-૨૦૨૫ સુધી)**

## માતૃ સંસ્થાને માસિક તથા સંસ્થાની મુલાકાત પ્રસંગે ભેટ

૨૦૦૧/- શ્રી બિમલભાઇ લાલજીભાઇ રતનશીભાઇ ધાણક (હ. ભુપેન્દ્રભાઇ હંજ)
૧૦૦૦/- શ્રી પ્રવિણભાઇ બાબુભાઇ ચલ્લા-રાજકોટ
૫૦૦/- શ્રી મંજુલાબેન કનૈયાલાલ સતિકુંવર-મુંબઇ
૧૫૧/- શ્રી બાબુલભાઇ નાથાભાઇ સતિકુંવર-મહુવા

## બોર્ડિંગના વિદ્યાર્થીઓને નાસ્તા માટે ભેટ.

**૨૧૦૦/- પી. એચ. ધકાણ-દુબઇ તરફથી વિદ્યાર્થીઓને નાસ્તા માટે ભેટ.**

## વિદ્યોતેજક વિદ્યાર્થી સહાયક ફંડ

૨૦૦૦/- શ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ ધકાણ-અમરેલી (મુંબઇ) (ફેબ્રુ.-માર્ચ-૨૦૨૫)

## વિદ્યાર્થી ઉત્કર્ષ ફંડ

૧૦૦૦/- શ્રી ભરતભાઇ હરિલાલ ચલ્લા-જામજોધપુર, હાલ લેસ્ટર

## ભૂ.પૂ. વિદ્યાર્થી તરફથી ભેટ

૧૫૦/- શ્રી મહેશભાઇ વિસામણભાઇ લુહાર-સાવરકુંડલા (જીરાવાળા)

## ખુશી ભેટ

૨૫૧/- પ્રીન્સ ચેતનભાઇ સતિકુંવર-મહુવા

## સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં દાન

૧૫૦૦/- (અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા)



જસદણવાળા હાલ બોરીવલી મુંબઇ નિવાસી લક્ષ્મીકાંતભાઇ ઠાકરશીભાઇ થડેશ્વર તા. ૨૭-૦૨-૨૦૧૯ને વદ-૯ના શ્રીજીચરણ પામેલ, તેઓની પૂણ્યતિથિ નિમીતે સાદુ ભોજન તિથિ કોપર્સ ફંડમાં ટંક એક માટે દાન.

## અન્ય ભેટ



૫૦૧/- ખોખરીવાળા હાલ ભાવનગર નિવાસી સ્વ. બાબુભાઇ જમનાદાસભાઇ ધકાણ તા. ૦૮-03-૨૦૨૫ સં. ૨૦૮૧ ફાગણ સુદ-૯ ને શનિવારે શ્રીજીચરણ પામતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા તા. ૨૦-03-૨૦૨૫ના રોજ રાખેલ તે નિમીતે તેઓના સ્મરણાર્થે મળેલ ભેટ.

(હ. મનોજભાઇ બાબુભાઇ ધકાણ-ભાવનગર)

## અન્ય ભેટ



બગસરાવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. દામોદરભાઇ વિસામણભાઇ ધોરડાના ધર્મપત્ની ગં.સ્વ. કાન્તાબેન દામોદરભાઇ ધોરડા (ઉ.વ. ૯૫) તેઓ પ્રતાપભાઇ, ભરતભાઇ, અશોકભાઇ, સ્વ. ધનસુખભાઇ, સ્વ. વિજ્યાબેન પ્રવિણકુમાર થડેશ્વર, નિમુબેન યોગેશકુમાર સાગર, સરોજબેન ચંદ્રકાંત ઘઘડાના માતુશ્રી અને ભુરાભાઇ ગોવિંદભાઇ થડેશ્વર જેતપુરવાળાના દિકરી તા. ૦૫-૦૨-૨૦૨૫ને બુધવારના રોજ ગૌલોકવાસી થયેલ છે. તેઓની ઉત્તરક્રિયા તા. ૧૭-૦૨-૨૦૨૫ને સોમવારના રોજ રાખેલ તે નિમીતે તેઓના સ્મરણાર્થે મળેલ ભેટ.

૧૫૫૧/- સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં ટંક એક માટે દાન
૧૧૦૦/- દામોદરભાઇ વિસામણભાઇ ધોરડા-રાજકોટ
૨૦૦/- શ્રી હરિભાઇ વિસામણભાઇ ધોરડા-બગસરા
૨૦૦/- શ્રી પરસોત્તમભાઇ વિસામણભાઇ ધોરડા-રાજકોટ
૨૦૦/- શ્રી મનસુખભાઇ વિસામણભાઇ ધોરડા-રાજકોટ
૨૦૦/- શ્રી પ્રભુદાસભાઇ વિસામણભાઇ ધોરડા-રાજકોટ
૨૦૦/- શ્રી પ્રવિણભાઇ વિસામણભાઇ ધોરડા-મુંબઇ
૨૦૦/- શ્રી જમનભાઇ વિસામણભાઇ ધોરડા-રાજકોટ
૫૦૧/- શ્રી વસંતભાઇ તથા નાથાભાઇ સતિકુંવર-મહુવા
૨૫૦/- શ્રી ભાઇલાલભાઇ ગોરધનભાઇ ઘઘડા
૨૫૦/- શ્રી રમેશભાઇ ગોરધનભાઇ ઘઘડા-રાજકોટ
૨૫૦/- શ્રી દિનેશભાઇ ગોરધનભાઇ ઘઘડા-દ્વારકા
૨૧૧/- શ્રી યોગેશકુમાર નાથાલાલ સાગર-રાજકોટ
૨૦૦/- શ્રી દેવરાજભાઇ ગોવિંદભાઇ ધોરડા-અમરેલી
૨૦૦/- શ્રી જેન્તીભાઇ શાંતીભાઇ સુરૂ-રાજકોટ
૧૫૧/- શ્રી ચંદ્રકાંત મનસુખલાલ ઘઘડા-રાજકોટ
૧૫૧/- શ્રી બિપીનભાઇ મનસુખલાલ ઘઘડા-રાજકોટ
૧૫૧/- શ્રી સુશીલાબેન જેન્તીલાલ સતિકુંવર-મુંબઇ
૧૫૦/- શ્રી કિશોરભાઇ મનસુખભાઇ ઘઘડા-રાજકોટ
૧૧૧/- શ્રી પ્રભુદાસભાઇ દેવરાજભાઇ લુહાર-ધારગણી
૧૦૦/- શ્રી પ્રવિણભાઇ રામભાઇ ચલ્લા-સુરત
૧૦૦/- શ્રી હિતેશભાઇ રણછોડભાઇ સાગર-સુરત
૧૦૦/- શ્રી ચંદ્રકાંત ગોપાલજીભાઇ ઘઘડા-રાજકોટ
૧૦૦/- શ્રી દિલીપભાઇ દેવરાજભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી જયસુખભાઇ નરોત્તમભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી સુરેશભાઇ વલ્લભભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી સુર્યકાન્તભાઇ મોહનભાઇ સાગર-રાજકોટ
૧૦૦/- શ્રી ધીરજલાલ મણીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી હિંમતભાઇ મણીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી રાકેશભાઇ રણછોડભાઇ ધોરડા-સુરત
૧૦૦/- શ્રી જગદિશભાઇ બાબુભાઇ ધકાણ-ઢસા
૧૦૦/- શ્રી હિરેનભાઇ કાન્તીભાઇ સાગર-રાજકોટ
૧૦૦/- શ્રી સંજયભાઇ અમૃતભાઇ થડેશ્વર-અમરેલી
૧૦૦/- શ્રી વિમલભાઇ અમુભાઇ ધકાણ-જુનાગઢ
૧૦૦/- શ્રી પરેશભાઇ ભરતભાઇ ધાણક-ઉના
૧૦૦/- શ્રી મનહરભાઇ શાંતિભાઇ ધોરડા-બાબરા
૧૦૦/- શ્રી ભાવેશભાઇ ભનુભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી અમૃતલાલ રામજીભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી ભનુભાઇ રામજીભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી વિજયભાઇ રામજીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી કિશોરભાઇ વલ્લભભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી મુકુંદભાઇ વલ્લભભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી પ્રભુભાઇ નારણભાઇ ધકાણ-રાજકોટ
૧૦૦/- શ્રી મિલનકુમાર દુર્લભજીભાઇ સતિકુંવર-મુંબઇ
૧૦૦/- શ્રી દિપકભાઇ અમૃતલાલ થડેશ્વર-ચાવંડ
૧૦૦/- શ્રી પિયુષભાઇ કાંતીભાઇ ધોરડા-અમરેલી
૧૦૦/- શ્રી અરવિંદભાઇ રણછોડભાઇ સાગર-અમદાવાદ
૧૦૦/- શ્રી રાજુભાઇ રણછોડભાઇ સાગર-તળાજા
૧૦૦/- શ્રી ભરતભાઇ ચિમનભાઇ સુરૂ-રાજકોટ

૧૦૦/- શ્રી ભરતભાઇ બાલુભાઇ સતિકુંવર-દેવળીયા
૧૦૦/- શ્રી શૈલેષભાઇ બાબુલાલ ચલ્લા-દડવા
૧૦૦/- શ્રી કિશોરભાઇ હરિભાઇ થડેશ્વર-રાજકોટ
૧૦૦/- શ્રી રસિકભાઇ રામભાઇ ચલ્લા-લીલાપુર
૧૦૦/- શ્રી હરેશભાઇ રામભાઇ ચલ્લા-લીલાપુર
૧૦૦/- શ્રી પ્રવિણભાઇ રામભાઇ ચલ્લા-લીલાપુર
૧૦૦/- શ્રી દામોદરદાસ જમનાદાસ જગડા-રાજુલા
૧૦૦/- શ્રી મનસુખભાઇ દેવરાજભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી દિલીપભાઇ ટપુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી જમનભાઇ ટપુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી દલસુખભાઇ મણીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી જેન્તીભાઇ રામભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી દિલીપભાઇ નાનાલાલ સતિકુંવર-મોટા દેવળીયા
૧૦૦/- શ્રી કિશોરભાઇ નાનાલાલ સતિકુંવર-રાજકોટ
૧૦૦/- શ્રી મુકેશભાઇ રામજીભાઇ સતિકુંવર-મુંબઇ
૧૦૦/- શ્રી ગીરીશભાઇ બાબુભાઇ સતિકુંવર-અમદાવાદ
૧૦૦/- શ્રી દિનેશભાઇ ત્રિભોવનભાઇ ધકાણ-મુંબઇ
૧૦૦/- શ્રી દિપકભાઇ અમૃતલાલ થડેશ્વર-મુંબઇ
૧૦૦/- શ્રી ભરતભાઇ બાલુભાઇ સતિકુંવર-મુંબઇ
૧૦૦/- શ્રી હરિશભાઇ વનરાવનભાઇ ધકાણ-અમદાવાદ
૧૦૦/- શ્રી ભરતભાઇ ખીમજીભાઇ રાઠોડ-રાજકોટ
૧૦૦/- શ્રી જગદિશભાઇ નારણદાસ થડેશ્વર-રાજકોટ
૧૦૦/- શ્રી જનકભાઇ શાંતિભાઇ ધાણક-અમદાવાદ
૧૦૦/- શ્રી મનીષભાઇ મોહનભાઇ લુહાર-રાજકોટ
૧૦૦/- શ્રી રમેશભાઇ મોહનભાઇ લુહાર-સુરત
૧૦૦/- શ્રી હરેશભાઇ મોહનભાઇ લુહાર-અમદાવાદ
૧૦૦/- શ્રી જયેશભાઇ પી. વ્યાસ-રાજકોટ
૧૦૦/- શ્રી હિતેશભાઇ પી. વ્યાસ-રાજકોટ
૧૦૦/- શ્રી જોગી રાકેશભાઇ-રાજકોટ

૧૨૧૨૦ (હ. શ્રી અશ્વિનભાઇ મનુભાઇ ધોરડા, કારોબારી સભ્યશ્રી, રાજકોટ મહામંડળ)



લોનકોટડાવાળા હાલ રાજકોટ નિવાસી મંજુલાબેન હરજીવનભાઇ થડેશ્વર તા. ૧૬-૧૦-૨૦૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ, તેઓની ઉત્તરક્રિયા તા. ૨૬-૧૦-૨૦૨૪ને શનિવારના રાખેલ, તે નિમીતે તેઓના સ્મરણાર્થે ઘરધણી તથા ઉપસ્થિત મહેમાનો તરફથી મળેલ ભેટ.


૫૦૧/- શ્રી હિરેનભાઇ હસમુખભાઇ થડેશ્વર-રાજકોટ
૫૦૧/- શ્રી હિતેષભાઇ જમનાદાસભાઇ થડેશ્વર-રાજકોટ
૨૦૦/- શ્રી ધર્મેશભાઇ રાણપરા-રાજકોટ
૧૦૧/- શ્રી બાબુભાઇ ઓધવજીભાઇ કચ્ચલીયા-રાજકોટ
૧૦૧/- શ્રી ભરતભાઇ દામોદરભાઇ ધોરડા-રાજકોટ
૧૦૧/- શ્રી રમણીકભાઇ મોહનભાઇ થડેશ્વર-રાજકોટ
૧૦૧/- શ્રી નરોત્તમભાઇ રામજીભાઇ ધોરડા-રાજકોટ
૧૦૧/- શ્રી ધર્મેશભાઇ અમૃતલાલ સાગર-રાજકોટ
૧૦૧/- શ્રી મનસુખભાઇ દેવરાજભાઇ ધોરડા-રાજકોટ
૧૦૧/- શ્રી રસિકભાઇ રામભાઇ ચલ્લા-લીલાપુર
૧૦૧/- શ્રી હરેશભાઇ રામભાઇ ચલ્લા-લીલાપુર
૧૦૧/- શ્રી ગોરધનભાઇ નારાયણભાઇ ધકાણ-રાણપુર
૧૦૧/- શ્રી વિજયભાઇ બકુભાઇ ધકાણ-મુંબઇ
૧૦૧/- શ્રી કોમલબેન હિતેષભાઇ શોનપાલ-રાજકોટ
૧૦૦/- શ્રી હસમુખભાઇ રાણપરા-રાજકોટ
૧૦૦/- શ્રી મનોજભાઇ રતીલાલ લુહાર-રાજકોટ
૧૦૦/- શ્રી મહેશભાઇ ડાભી-રાજકોટ
૧૦૦/- શ્રી પ્રવિણભાઇ રામભાઇ ચલ્લા-લીલાપુર
૧૦૦/- શ્રી અજયભાઇ મનુભાઇ લુહાર-રાજકોટ
૧૦૦/- શ્રી ભાવેશભાઇ સંજયભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી મીનાબેન દીલીપભાઇ ટાંક-રાજકોટ
૧૦૦/- શ્રી દિયાબેન વ્યાસ-રાજકોટ
૧૦૦/- શ્રી પુષ્પાબા સુરેન્દ્રસિંહ જાડેજા-રાજકોટ
૫૧/- શ્રી નીરૂબેન વિનોદભાઇ સાગર-કોડીનાર

3300/-



જેતલસર જં. નિવાસી સ્વ. કનુભાઇ નારણભાઇ ધાણકના ધર્મપત્ની શોભનાબેન કનુભાઇ ધાણક (ઉ.વ. ૮૦) તા. ૨૧-૦૨-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા તા. 03-03-૨૦૨૫ના રોજ રાજકોટ મુકામે રાખેલ, તે નિમીતે તેઓના સ્મરણાર્થે ઘરધણી તથા ઉપસ્થિત મહેમાનો તરફથી મળેલ ભેટ.

૧૦૦૧/- શ્રી વિજયભાઇ કનુભાઇ ધાનક-જેતલસર જં.
૫૦૧/- શ્રી પ્રવિણકુમાર પરસોત્તમભાઇ જગડા-દેવગામ
૫૦૧/- શ્રી જસ્મીનભાઇ યોગેશકુમાર ઠાકર-મુંબઇ
૫૦૧/- શ્રી ગીરીશભાઇ સામતભાઇ ધાનક-જુનાગઢ
૫૦૧/- શ્રી હરગોવિંદભાઇ સામતભાઇ ધાનક-જુનાગઢ
૨૦૧/- શ્રી ભાવેશભાઇ અનંતરાય ધાનક-જેતલસર જં.
૧૫૧/- શ્રી દામોદરભાઇ મામૈયાભાઇ ધકાણ-મુંબઇ
૧૦૧/- શ્રી તુલસીભાઇ લાલજીભાઇ ધાનક-અમદાવાદ
૧૦૧/- શ્રી નાગદાનભાઇ લાલજીભાઇ ધાનક-અમદાવાદ
૧૦૧/- શ્રી રાજુભાઇ કાનજીભાઇ થડેશ્વર-વડીયા
૧૦૧/- શ્રી રમેશભાઇ ગોરધનભાઇ થડેશ્વર-મુંબઇ
૧૦૧/- શ્રી વિપુલભાઇ પ્રવિણચંદ્ર થડેશ્વર-મુંબઇ
૧૦૧/- શ્રી ભરતભાઇ મથુરદાસ કતીરા-ધોરાજી
૧૦૧/- શ્રી નરોત્તમભાઇ જીવાભાઇ ધકાણ-બગસરા
૧૦૧/- શ્રીદિનેશભાઇ છગનલાલ ધકાણ-અમરેલી
૧૦૧/- શ્રી પ્રવિણભાઇ અમૃતલાલ ધોરડા-રાજકોટ
૧૦૧/- શ્રી મનસુખભાઇ મોહનભાઇ ચલ્લા-રાજકોટ
૫૦/- શ્રી અમીતાબેન વિશાલકુમાર-અમદાવાદ
૫૦/- શ્રી મેહુલકુમાર ધીરૂભાઇ સતીકુંવર-અમદાવાદ
૫૦/- શ્રી દિપકકુમાર હસુભાઇ ધકાણ-મુંબઇ
૫૦/- શ્રી સોનલબેન કેતનકુમાર ધકાણ-અમદાવાદ
૫૦/- શ્રી અશ્વિનભાઇ ગોવિંદભાઇ ધોરડા-રાજકોટ
૪૬૧૬/- હ. શ્રી યશભાઇ વિજયભાઇ ધાણક



શીલવાળા હાલ રાજકોટ નિવાસી રતિભાઇ ચત્રભૂજભાઇ સાગર (ઉ.વ. ૭૭) તેઓ સ્વ. બાબુલાલ ચત્રભૂજભાઇ સાગરના ભાઇ તા.૧૨/03/૨૦૨૫ને બુધવારના રોજ શ્રીજીચરણ પામતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા (પાણી ઢોળ) ફાગણ વદ ૯ ને રવિવાર તા. ૨૩/03/૨૦૨૫ના રોજ રાખેલ તે નિમિતે તેઓના સ્મરણાર્થે ઘરધણી તથા ઉપસ્થિત મહેમાનો તરફથી મળેલ ભેટ. (હ. મનોજભાઇ રતિભાઇ સાગર, ભુપેન્દ્રભાઇ અમૃતલાલ હંજ)

૫૦૧/- શ્રી મનોજભાઇ રતીભાઇ સાગર-રાજકોટ
૫૦૧/- શ્રી નિલેશભાઇ રતીભાઇ સાગર-રાજકોટ હ. દેવાંશ
૨૦૦/- શ્રી કલ્પેશભાઇ બાબુભાઇ સાગર-બામણાસા ઘેડ
૧૫૧/- શ્રી બાબુભાઇ છગનભાઇ ધકાણ-અમદાવાદ
૧૫૦/- શ્રી સંજયભાઇ વિનુભાઇ લુહાર-રાજકોટ
૧૦૧/- શ્રી ભાસ્કરભાઇ સામજીભાઇ થડેશ્વર-રાજકોટ
૧૦૧/- શ્રી મનિષભાઇ પ્રભુદાસભાઇ સાગર-રાજકોટ
૧૦૧/- શ્રી હિમાંશુભાઇ કાંતિલાલ ચલ્લા-વિંછીયા
૧૦૦/- શ્રી શાંતિભાઇ વજુભાઇ ધકાણ-સાણથલી
૧૦૦/- શ્રી પ્રકુલકુમાર મગનભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- પ્રભુદાસ ત્રિભોવનદાસ થડેશ્વર-રાજકોટ
૧૦૦/- શ્રી અમિતકુમાર વિનોદભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી રૂપેશભાઇ કાંતિલાલ ઘઘડા-રાજકોટ
૧૦૦/- શ્રી મહેશભાઇ બાબુભાઇ ધકાણ-રાજકોટ
૧૦૦/- શ્રી ભરતકુમાર હિંમતલાલ થડેશ્વર-સુલતાનપુર
૧૦૦/- શ્રી જીતેન્દ્રકુમાર ખુશાલભાઇ ધકાણ-ગોવિંદપુર

૧૦૦/- શ્રી ગીરધરભાઇ નરસિંહભાઇ ઘઘડા-રાજકોટ
૧૦૦/- શ્રી અશ્વિનભાઇ ધનજીભાઇ ધાણક-નવી હળીયાદ
૧૦૦/- શ્રી ચંદ્રવદન નારણદાસ હંજ-રાજકોટ
૧૦૦/- શ્રી સુરેશભાઇ જેન્તીભાઇ ઘઘડા-રાજકોટ
૫૦/- શ્રી વિમળાબેન વલ્લભદાસ સાગર-રાજકોટ
૫૦/- શ્રી ભાસ્કરભાઇ નંદલાલભાઇ ધાણક-રાજકોટ
૫૦/- શ્રી અમૃતલાલ મગનલાલ થડેશ્વર-રાજકોટ
૩૨૦૭/-

## ''ન તેને છેદતા શસ્ત્રો, ન તેને અગ્નિ બાળતો ન તેને ભીંજવે પાણી, ન તેને વાયુ સૂકવે''

## અવસાન નોંધ

લંડન (યુ.કે.) નિવાસી કિરીટભાઇ રમણીકલાલ પટ્ટણી (ઉ.વ. ૬૫) તા. ૨૮-૦૨-૨૦૨૫ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

લેસ્ટર (યુ.કે.) નિવાસી અનસુયાબેન કારા (ઘઘડા) (ઉ.વ. ૮૬) તા. ૨૪-૦૨-૨૦૨૫ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

કેન્યા (નાઇરોબી) નિવાસી ગુલાબચંદ છગનલાલ મોરારજી પટ્ટણી (ચલ્લા) (ઉ.વ. ૮૧) તા. ૧૭-૦૨-૨૦૨૫ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

લંડન (યુ.કે.) નિવાસી લાભુબેન પટ્ટણી (ઉ.વ. ૯૫) તા. ૧૯-૦૨-૨૦૨૫ને બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

ડેડાણવાળા હાલ બોરીવલી (મુંબઇ) નિવાસી ચીમનલાલ ભગવાનદાસ ધકાણ (ઉ.વ. ૮૮) મહા સુદ-૧૦ને શુક્રવાર તા. ૦૭-૦૨-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

લંડન (યુ.કે.) નિવાસી ભાવિનીબેન ઘઘડા (ઉ.વ. ૫૨) તા. ૦૮-૦૨-૨૦૨૫ને શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

જેતલસર જં. નિવાસી સ્વ. કનુભાઇ નારણભાઇ ધાણકના ધર્મપત્ની શોભનાબેન કનુભાઇ ધાણક (ઉ.વ. ૮૦) તા. ૨૧-૦૨-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે.


બગસરાવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. દામોદરભાઇ વિસામણભાઇ ધોરડાના ધર્મપતાની ગં.સ્વ. કાન્તાબેન દામોદરભાઇ ધોરડા (ઉ.વ. ૯૫) તા. ૦૫-૦૨-૨૦૨૫ને બુધવારના રોજ ગૌલોકવાસી થયેલ છે.

શીલવાળા હાલ રાજકોટ નિવાસી રતિભાઇ ચત્રભૂજભાઇ સાગર (ઉ.વ. ૭૭) તેઓ સ્વ. બાબુલાલ ચત્રભૂજભાઇ સાગરના ભાઇ તા. ૧૨/03/૨૦૨૫ને બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

ખોખરીવાળા હાલ ભાવનગર નિવાસી સ્વ. બાબુભાઇ જમનાદાસભાઇ ધકાણ તા. ૦૮-03-૨૦૨૫ સં. ૨૦૮૧ ફાગણ સુદ-૯ ને શનિવારે શ્રીજીચરણ પામેલ છે.

**પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતશ્રીઓના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અભ્યર્થના...**

# ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. ચંદુલાલ બાબુલાલ ધકાણ

અવસાન : તા. ૦૧-૦૪-૨૦૨૧ (ફાગણ વદ-ચોથ) (ઉ.વ. ૭૪)

તમારા વિના અમારૂં જીવન અધુરૂ લાગે, તમે તો અમારો પહેરાવ છો, તમારા વગર હજુ પણ કંઇક ખાલી પડ્યુ રહે છે.

જ્યાં જાંઉ તમારી યાદ આવે, તમારો હસતો ચહેરો અમોને હંમેશા યાદ આવે, જિંદગી તો છે પણ પહેલા જેવી રહી નથી, તમારા વિના આ દુનીયા હવે એવી નથી. તમારો સહારો અને મીઠા શબ્દો ગાયબ થઇ ગયા, અમારૂં જીવન હંમેશા માટે અધુરૂ રહી ગયુ. એક દિકરો થઇને કેતા બહુ જ દુ:ખ થાય છે. આજે મારા માથે હાથ મુકાનાર હવે મારા પપ્પા નથી.

**પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...**

શારદાબેન ચંદુલાલ ધકાણ (પત્ની)

પંકજભાઇ ચંદુલાલ ધકાણ (પુત્ર)
પૂજાબેન પંકજભાઇ ધકાણ (પુત્રવધુ)
લીનાબેન ધર્મેશકુમાર સતીકુંવર (પુત્રી)
ધર્મેશભાઇ પ્રવિણભાઇ સતીકુંવર (જમાઇ)
રૂપેશ ચંદુલાલ ધકાણ (પુત્ર)
ઘનશ્યામભાઇ પંકજભાઇ ધકાણ (પ્રપૌત્ર)
પરમ ધર્મેશકુમાર સતીકુંવર (ભાણેજ)
યુગવીર ધર્મેશકુમાર સતીકુંવર (ભાણેજ)

જાxખ-૨૦૨૫

# શુભ વેવિશાળ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...




વિજપડીવાળા હાલ સુરત નિવાસી
શ્રીમતી જ્યોત્સનાબેન તથા
શ્રી ઘનશ્યામભાઇ બાબુભાઇ ધકાણના સુપુત્ર
**ચિ. શ્યામ**નું શુભ વેવિશાળ (ચુંદડી)
સુત્રાપાડા નિવાસી શ્રીમતી મનિષાબેન તથા
શ્રી અશ્વિનભાઇ બાબુભાઇ સાગરની સુપુત્રી
**ચિ. હેમાંગીની** સાથે તા. 30-03-૨૦૨૫ને
રવિવારના શુભ દિવસે યાત્રિક ભુવન, પ્રભાસપાટણ
મુકામે સંપન્ન થયેલ, તે શુભ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

**શુભેચ્છા સહ...**

શ્રી કાળુભાઇ બાબુભાઇ ધકાણ
શ્રી જીતેન્દ્રભાઇ તુલસીભાઇ ધકાણ
શ્રી ઘનશ્યામભાઇ બાબુભાઇ ધકાણ
શ્રી હસમુખભાઇ બાબુભાઇ ધકાણ
શ્રી કિરીટભાઇ બાબુભાઇ ધકાણ

શ્રી અશ્વિનભાઇ બાબુભાઇ સાગર
શ્રી મયુરભાઇ બાબુભાઇ સાગર
શ્રી વિપુલભાઇ બાબુભાઇ સાગર

જા×ખ-૨૦૨૫

## ઉચ્ચ શિક્ષણ ફંડ (ભૂ.પૂ. વિદ્યાર્થી પ્રેરીત)માં
## રૂા. ૧૧,૦૦૦/- (અંકે રૂપીયા અગીયાર હજાર પુરા)નું દાન



વેરાવળવાળા હાલ કાંદીવલી મુંબઇ
અ.સૌ. હિનાબેન ભરતકુમાર સોની (કાગદડા)
તે ભરતકુમાર હિંમતલાલ સોની (કાગદડા)ના ધર્મપત્ની,
રાકેશ અને ધારાના માતુશ્રી,
શીલ/માંગરોળવાળા, હાલ બહેરીન
શશીકાંતભાઇ કાકુભાઇ સાગરના દિકરી અને
સ્વ. હિંમતલાલ ગાંડાલાલ કાગદડાના પુત્રવધુ
મહા વદ ૧૨ ને મંગળવાર તા. ૨૫-૦૨-૨૦૨૫ના
શ્રીજીચરણ પામેલ છે.

**તેમના સ્મરણાર્થે ઉચ્ચ શિક્ષણ ફંડ (ભૂ.પૂ. વિદ્યાર્થી પ્રેરીત)માં**
**રૂા. ૧૧,૦૦૦/- (અંકે રૂપીયા અગીયાર હજાર પુરા)નું દાન**

જા×ખ-૨૦૨૫

# આર્થિક સહાય યોજનામાં સહયોગી દાતાશ્રીઓ

## આર્થિક સહાય યોજનામાં રૂા. ૧૦,૮૦, ૦૦૦/- (દશ લાખ એંશી હજાર)નું દાન

દર માસે રૂા. ૪૫,૦૦૦ × ૨૪ મહિના (બે–વર્ષ) = કુલ રૂા. ૧૦,૮૦,૦૦૦/–


સ્વ. પરસોત્તમભાઇ જેરામભાઇ ઘઘડા


સ્વ. સંતોકબેન પરસોત્તમભાઇ ઘઘડા


સ્વ. પ્રભુદાસભાઇ જેરામભાઇ ઘઘડા


સ્વ. રમાબેન પ્રભુદાસભાઇ ઘઘડા

ના સ્મરણાર્થે

ઉપલેટાવાળા હાલ નૈરોબી નિવાસી શ્રી ગોવિંદભાઇ પરસોત્તમભાઇ ઘઘડા, શ્રી વિજયભાઇ પ્રભુદાસભાઇ ઘઘડા તથા શ્રી દિપકભાઇ પ્રભુદાસભાઇ ઘઘડા તરફથી આર્થિક સહાય યોજનામાં અતિરીક્ત રકમ માટેનું દાન

ઉપરોક્ત યોજનામાં અતિરીક્ત રકમ માટેનું આપેલ દાન બદલ ઉપલેટાવાળા હાલ નૈરોબી નિવાસી સ્વ. પરસોત્તમભાઇ જેરામભાઇ ઘઘડા તથા સ્વ. પ્રભુદાસભાઇ જેરામભાઇ ઘઘડા પરિવારનો રાજકોટ મહામંડળ હૃદયપૂર્વક આભાર માને છે.

---

### આર. કે. જ્વેલર્સ, અમદાવાદ

## શ્રીમતિ શારદાબેન રમણીકલાલ ધકાણ તથા શ્રી રમણીકલાલ કાનજીભાઇ ધકાણ પરિવાર તરફથી

## આર્થિક સહાય યોજનામાં રૂા. ૧૦,૦૦,૦૦૦/- (દશ લાખ)નું દાન

(દર વર્ષે રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) પાંચ વર્ષ માટે)


શ્રી રમણીકલાલ કાનજીભાઇ ધકાણ

હસ્તે :
શ્રી ભુપતભાઇ રમણીકભાઇ ધકાણ
શ્રી ભરતભાઇ રમણીકભાઇ ધકાણ
શ્રી દિનેશભાઇ રમણીકભાઇ ધકાણ
તથા સહ પરિવાર


શ્રી શારદાબેન રમણીકલાલ ધકાણ

# દુષ્યંત અને અમિત ધોરડાની અધ્યક્ષતામાં દુબઈમાં યોજાયો ભવ્ય કાર્યક્રમ : સોની સમાજ માટે ગૌરવની પળ




સોની સમાજના સંતાનો એક પછી એક સફળતાના નવા શિખરો સર કરી રહ્યા છે અને સમાજ માટે ગૌરવ અને પ્રેરણાદાયી વાતાવરણ ઊભુ કરી રહ્યા છે. દુબઇના શેખ રશીદ ઓડિટોરિયમમાં તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે ૬ વાગ્યે મુંબઇ સમાચાર દ્વારા એક ભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને સોની સમાજના દુષ્યંત ધોરડા અને અમિત ધોરડા દ્વારા લીડ કરવામાં આવ્યું અને સોનલ રાવલ અને નિલેશ દવેના સહયોગથી સફળતાપૂર્વક તેને પાર પાડવામાં આવ્યું.

આશ્ચર્યની વાત એ છે કે આ પ્રસંગે ૧૫૦૦ થી વધુ મહેમાનોની હાજરીમાં અનેક નામી વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માનિત વ્યક્તિઓમાં કંજ જ્વેલર્સના અર્જુન ધાનક, અજંતા જ્વેલર્સ અબુધાબીના તુષારભાઇ પટ્ટણી, ફિલ્મ અભિનેતા શર્મન જોશી, લોકકલાકાર સાઇરામ દવે, ફિલ્મ કોરિયોગ્રાફર સમીર અને અર્શ તન્ના, બાફલેહ જ્વેલર્સ દુબઇના રમેશ વોરા, કારા જ્વેલર્સ દુબઇના કિરણ પેથાણી, એલાયચી કિંગ તરીકે જાણીતા ચેતન ભટ્ટ તેમજ સેજલ ગ્રુપના ધીરજ ગડા અને અમૃત ગડાનો સમાવેશ થતો હતો.

લોકો દંગ રહી ગયા હતાં એ જાણીને જ્યારે દુબઇ જેવા શહેરમાં જ્યાં રસ્તા પર કાર પાર્કિંગના પ્રતિ કલાકે ૧૫૦ રૂપિયા જેટલા ચાર્જ છે, ત્યાં આ કાર્યક્રમમાં નિ:શુલ્ક પ્રવેશ રાખવામાં આવ્યો હતો. એટલું જ નહીં મહેમાનો માટે મફત ચા, બિસ્કિટ અને આઇસક્રીમની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સાઇરામ દવે અને મિલન ત્રિવેદીનો ડાયરો યોજાયો હતો અને શોભિત દેશાઇએ તેનું સંચાલન કર્યું હતું. ડેન્યુબના માલિક શ્રી રિઝવાન સાજનની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમે સોની સમાજના સભ્યોમાં ગૌરવની લાગણી જગાડી હતી.

દુષ્યંત અને અમિત ધોરડાએ સોની સમાજના પ્રતિનિધિ તરીકે ભારે જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તેમના પ્રયાસોથી ન માત્ર મુંબઇ સમાચારનો આ કાર્યક્રમ દુબઇમાં સફળતાપૂર્વક યોજાયો, પરંતુ તેમણે વિદેશમાં પણ ગુજરાતી સંસ્કૃતિનો પરચમ લહેરાવ્યો. સોની સમાજના આ બન્ને યુવાનોના પ્રયાસોથી આ કાર્યક્રમ એક યાદગાર બની રહ્યો, જે સમગ્ર સોની સમાજ માટે ગૌરવની વાત છે. તેમની મહેનત અને સમર્પણે દુબઇમાં વસતા ગુજરાતીઓને એક છત નીચે લાવવાનું કામ કર્યું છે. આ સફળ આયોજન બદલ સમગ્ર સોની સમાજ તેમનો આભારી છે અને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ પાઠવે છે.

Parajiya Samachar **Regi. No. RJT/16/2021-23** **Date : 15-04-2025**
Regi No. A.379 Rajkot R.N.I. REGN No. 11044/ Title Code:GUJGUJ05045/1967
**PARAJIYA SAMACHAR** (MONTHLY) • POST BY : **RMS-RAJKOT**




# શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ

જલારામ મંદિર રોડ, ફુલછાબ ચોક, રાજકોટ. ફોન : ૮૯૮૦૧૨૨૭૨૨, ૮૯૮૦૧૨૨૩૨૨



## વિદ્યાર્થી ઉત્કર્ષ ખર્ચ યોજનાનાં આર્થિક સહયોગીઓ



**રૂા. ૧,૮૦,૦૦૦/-**
(અંકે રૂપિયા એક લાખ એંશી હજાર પુરા)

(એક વર્ષ માટે)



ભીંડાવાળા હા. ડુબઇ નિવાસી

**શ્રી મણીભાઇ વલ્લભદાસભાઇ વાચા તથા શ્રીમતી જ્યોત્સનાબેન મણીભાઇ વાચા**

તરફથી વિદ્યાર્થીઓના ૧ વર્ષ માટે વિદ્યાર્થી ઉત્કર્ષ ખર્ચ યોજનામાં
રાજકોટ મહામંડળને દાન આપેલ છે.

**જ્ઞાતિ વિકાસની વણથંભી કુચમાં આપના પ્રેરણાદાયિ યોગદાન બદલ**
**રાજકોટ મહામંડળ હૃદયપૂર્વક આભાર માને છે**

To.

From : **Parajiya Samachar**
(Regd. No. GRJ-16)

**Shri Samast Parajiya Pattni**
**Soni Gnati Mahamandal**

Jalaram Mandir Road, Phulchhab Chowk, Rajkot.
Phone : 8980122722 / 890122322

માલિક : **સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ** માનદ્ તંત્રી, પ્રકાશક : **સુનીલભાઇ આર. ધાણક**
ટાઇપ સેટીંગ, ટાઇટલ ડિઝાઇન, મુદ્રણ સ્થાન : **સ્કેલ કોમ્પ્યુગ્રાફી, ઢેબર રોડ, રાજકોટ. મો.નં. ૯૮૨૫૪ ૯૪૩૭૧**